## પરિપત્ર

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/2021/6820
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, માધ્યમિક વિભાગ, ગાંધીનગર.
તા:- 07/09/2021

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ નોંધાયેલ માધ્યમિક શાળાઓ
ગુજરાત રાજ્ય

વિષય:- ધોરણ-**10** ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના વિષય કોડ ફાળવવા બાબત.

સંદર્ભ :- (1) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૪૬-૮૦ તા.૦૪/૦૬/૨૦૧૯
(2) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૪/૦૭/૨૦૨૧

મહાશય,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ -૨ દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ધોરણ-10 ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-10 નું ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એક જ રહેશે, શાળા કક્ષાએ કે વર્ગ ખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કંઇ ફેરફાર કરવાનો રહેશે નહી, ધોરણ-10 ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. બંને પ્રકારના પ્રશ્નપત્રના પરિરૂપમાં પ્રકરણવાર, ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણ ભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર બોર્ડની સંશોધન શાખાએ જાહેર કરેલ પ્રશ્નપત્ર પરિરૂપ અનુસાર રહેશે, ઉક્ત ઠરાવની નકલ અત્રેથી તા. 14/07/2021ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત તમામ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા સારૂ મોકલી આપવામાં આવેલ છે.

આગામી વર્ષ-2022 ની એસ.એસ.સી પરીક્ષા માટે ગણિત સ્ટાન્ડર્ડ માટે વિષય કોડ-**12** અને ગણિત બેઝિક માટે **વિષય કોડ-18** અમલી બનશે તો વર્ષ-2022 ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરતી વખતે સદર વિષય કોડ ધ્યાને લઇ ફોર્મ ભરવાના રહેશે. જે આપને જાણ સારૂ.

નાયબ નિયામક (માધ્યમિક વિભાગ)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના સવિનય:-

1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ.
2) માનનીય સચિવશ્રી, ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ
3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ.
4) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ.
5) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગુજરાત રાજ્ય તમામ તાબાની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

નકલ રવાના

6) સંશોધન શાખા તરફ માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ આગામી માસિક અંકમાં પ્રસિધ્ધ કરવા બાબત.
7) આઇ.ટી વિભાગ ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ જાણ તથા અમલ સારૂ

E:\KINJAL\J Dept Kinjal\Letters.docx